# ટેક્સના અવેજમાં સરકાર નાગરિકોને સુવિધા આપે છે?

**ઈન સાઈડ આઉટ સાઈડ**
**કિરણ કાપૂરે**

સરકાર તમારી પાસેથી કેવી રીતે નાણાં લે છે અને પછી ખર્ચ કરે છે તે જાહેર નાણાં [પબ્લિક ફાઈનાન્સ]નો વિષય છે અને તેના અભ્યાસથી એવું વિશ્લેષણ કરી શકાય કે સરકાર જાહેર નાણાં કયા કામમાં અને કેટલો ખર્ચ કરે છે. આ વિષય પર મુખ્યત્વે ચાર મુદ્દા છે, જે અંગે દરેક નાગરિકે ધ્યાન આપવું જોઈએ. આ વિષયની ચર્ચા 'ફિસ્કલ ફેબલ્સ : અ સિટીઝન્સ ગાઈડ ટુ પબ્લિક ફાઈનાન્સ' પુસ્તકમાં થઈ છે. 'ફિસ્કલ ફેબલ્સ'નો અર્થ થાય છે 'આર્થિક મિથક' અથવા તો 'આર્થિક વારતાઓ'. મથાળામાં તે પછીના શબ્દોનો અર્થ છે - જાહેર નાણાં સંદર્ભે એક નાગરિકની નિર્દેશિકા. અંગ્રેજીમાં પ્રકાશિત થયેલું આ પુસ્તક જાહેર નાણાં કેવી રીતે ઉપયોગમાં લેવાય છે તેનો વિગતવાર અહેવાલ આપે છે. તેના લેખક સાર્થક પ્રધાન અને પ્રણય કોતાસ્થાને છે.

પુસ્તકમાં શરૂઆતમાં જ જાહેર નાણાં સંબંધે બંને લેખક ચાર મુદ્દા પર ધ્યાન આપવાનું કહે છે. તેમાં પ્રથમ છે કે જાહેર નાણાંનો રોજિંદો હિસાબ હોવો જોઈએ. તેમાં લેખકો લખે છે : 'દર વર્ષે ભારત સરકાર, જેમાં કેન્દ્ર, રાજ્ય અને સ્થાનિક સ્વરાજની સરકાર આવી જાય છે, તે અંદાજે સો લાખ કરોડ રૂપિયા ખર્ચે છે. મતલબ કે નાગરિકદીઠ જે ખર્ચ આવે છે તે 68,000 રૂપિયાનો છે. જાહેર નાણાંને લઈને જે અમેરિકા જેવા વિકસિત દેશો માટે એવો ખ્યાલ છે કે ત્યાં સરકારની ભૂમિકા ન્યૂનતમ છે. જ્યારે આપણી સરકાર 'માઈ-બાપ' છે, જ્યાં સરકાર વધુ નાણાં લોકો માટે ખર્ચે છે. પરંતુ તે પૂરેપૂરું સત્ય નથી. બલકે




2018માં આપણા દેશનો જાહેર ખર્ચ આપણા કુલ 'ગ્રોસ ડોમેસ્ટિક પ્રોડક્શન' [જીડીપી]ના 27 ટકા જેટલો હતો. અમેરિકામાં આ ખર્ચ ટકાવારીની રીતે 38 ટકા, રશિયામાં અંદાજે 36 ટકા, સ્વિટ્ઝલેન્ડમાં 'જીડીપી'ના 49 ટકા હતો. તેની સામે પાકિસ્તાનમાં આ ખર્ચ માત્ર 21 ટકા છે. આ રીતે આપણે જોઈએ તો જે વિકસિત દેશો છે ત્યાં પ્રમાણમાં સરકાર વધુ ખર્ચ કરે છે.'

આ લખાય છે ત્યારે અખબારોમાં હેડલાઈન છે કે, 'ગૂડ્સ એન્ડ સર્વિસ ટેક્સ' [જીએસટી]ના કલેક્શનનો આંકડો રૂપિયા બે લાખ કરોડને આંબી ગયો છે! સતત ત્રીજા મહિને 'જીએસટી'નું કલેક્શન બે લાખ કરોડ રહ્યું છે. સરકાર અલગ-અલગ રીતે આપણી પાસેથી ટેક્સ ઉઘરાવે છે અને આ ટેક્સનાં નાણાંનો ઉપયોગ ક્યાં થાય છે તે અંગે આપણી પાસે કોઈ માહિતી નથી. મહદંશે તો એવું લાગે છે કે ટેક્સ ઉઘરાવીને સરકાર જે સુવિધા નાગરિકોને આપવી જોઈએ તે આપતી નથી.

આ સંદર્ભે બીજો મુદ્દો ટાંકતા અહીં લખ્યું છે કે સામાન્ય રીતે વિકસિત દેશોમાં સરેરાશ નાગરિકદીઠ એક રૂપિયો ખર્ચાતો હોય તો તેની પાછળ સવાથી બે રૂપિયાનો ટેક્સ લેવાય છે. પરંતુ આપણા દેશમાં સરકાર નાગરિક પર એક રૂપિયો ખર્ચે છે ત્યારે તે સરેરાશ આપણી પાસેથી ત્રણ રૂપિયા લઈ લે છે! મતલબ કે આપણું જાહેર નાણું ખર્ચાય છે તેમાં આયોજનનો અભાવ છે. આ અભાવ સમયાંતરે દેખાય છે.

**સરકાર અલગ-અલગ રીતે આપણી પાસેથી ટેક્સ ઉઘરાવે છે અને આ ટેક્સનાં નાણાંનો ઉપયોગ ક્યાં થાય છે તે અંગે આપણી પાસે કોઈ માહિતી નથી**

અમદાવાદ સહિત આપણા રાજ્યમાં થોડા સમયના દાખલા કાઢીએ તો તમને દેખાશે કે જાહેર નાણાંનો વેડફાટ કેવી રીતે થયો છે. જેમ કે હાલમાં અમદાવાદના મકરબા વિસ્તારમાં 98 કરોડના ખર્ચે એક બ્રિજ બન્યો અને તે બન્યા પછી કોર્પોરેશનને ખ્યાલ આવ્યો કે આ બ્રિજથી ટ્રાફિકની સમસ્યા હળવી થવાના બદલે વધુ વકરી રહી છે. પણ હવે થાય શું? એટલે આખરે તે બ્રિજની ફરતે 'કેપ્સૂલ સિસ્ટમ' લાગુ કરાવી, જેથી ટ્રાફિક ન થાય. પરંતુ આ ડિઝાઈનથી વાહનચાલકોને છસ્સો મીટરથી એક કિલોમીટરનું વધુ અંતર કાપવાનું આવ્યું. એ રીતે બે વર્ષ પૂર્વે અમદાવાદમાં નવીન બનાવેલો બ્રિજ ખરાબ કામ થયું હોવાના કારણે તોડી પડાયો. આ બધા ખર્ચ કેવી રીતે ચૂકવાતા હશે તેને લઈને આપણે સાવ અજાણ છીએ. આ તો દેખીતા ખર્ચમાં થયેલી ગંભીર ભૂલો છે.

સરકારના અનેક વિભાગોમાં કોઈ ગફલત થતી હશે તો તે આપણી સુધી પહોંચતી પણ નહીં હોય. ત્રીજી બાબત પુસ્તકમાં નોંધવામાં આવી છે કે આપણે સરકાર જે ખર્ચ કરે છે તેને લઈને સાવ અંધારામાં રહીએ છીએ. જેમ કે, અનેક એવા પ્રોજેક્ટ છે જેનો ખર્ચ નિર્ધારિત હોય છે અને તે પછી તે ખર્ચનો આંકડો સતત વધતો જાય છે. આ અંગે સરકાર ક્યારેય કશુંય સ્પષ્ટતા કરતી નથી.

આ અંગે લેખક સીધો હિસાબ માંડીને લખે છે કે, 'જ્યારે સરકાર 10,000 કરોડના સ્ટેચ્યૂ કે 20,000 કરોડ રૂપિયાના કોઈ પ્રોજેક્ટની જાહેરાત કરે છે ત્યારે તમે એવું વિચારો છો કે આપણે બસો નવી મેડિકલ કોલેજ અથવા 1000 વોટર ટ્રિટમેન્ટ પ્લાન્ટ્સના નિર્માણની વાત ભૂલી જવી પડશે? આવું આપણે નથી વિચારતા.' ઉપરાંત, બજેટસંદર્ભે ખર્ચની જે કેટેગરી બનાવીએ છીએ તેને ચુસ્તતાથી વળગી રહીએ છીએ. મતલબ કે શિક્ષણનું બજેટ શિક્ષણ માટે અને સ્વાસ્થ્યનું સ્વાસ્થ્ય માટે. કોઈ ક્ષેત્રમાં નાણાં ઉપયોગમાં નથી લેવાતાં ત્યારે તે અન્ય ક્ષેત્રમાં ફાળવી શકાતા નથી. મંત્રીઓના કાફલા પાછળ ખર્ચાતા રૂપિયા વેક્સિન પાછળ ક્યારેય ખર્ચાતા નથી અને સરકાર પોતાના પ્રચાર અર્થે ખર્ચે છે તે કરોડો રૂપિયા શાળા પાછળ ખર્ચાતા નથી! જાહેર નાણાંને લઈને આપણી અકાઉન્ટેબિલિટી ક્યારેય રહી નથી અથવા રહી છે તો તેનો હિસાબ છૂટોછવાયો આવ્યો છે. સરકારનું એકાઉન્ટિંગ કરતી સંસ્થા [કમ્પ્ટ્રોલર એન્ડ ઓડિટર જનરલ] 'કેગ' દ્વારા હવે દર વર્ષે સરકાર દ્વારા ક્યાં-ક્યાં નકામો ખર્ચ થયો છે તેની વિગત આવે છે; તેમ છતાં તે વિગત એક દિવસના ન્યૂઝ બનીને અલોપ થઈ જાય છે. જાહેર નાણાંમાં જે વેડફાટ થાય છે તેના સમયાંતરે નિયમિત રીતે અહેવાલ મળતા નથી.

આખરી અને ચોથું ઉદાહરણ લેખક આપતા લખે છે કે સરકાર સમાજ અર્થે જ્યારે ખર્ચ કરે છે ત્યારે તેની સારી-ખરાબ બંને અસર થાય છે. જેમ કે તેમાં આપવામાં આવેલા ઉદાહરણ મુજબ ખેતીને પ્રોત્સાહન મળે અને ખેડૂતો સક્ષમ બને તે અર્થે સરકાર દ્વારા ખાતર અને વીજળી પર મસમોટી સબસિડી આપવામાં આવી હતી અને તેનાથી જ દેશમાં ખેતી સમૃદ્ધ થઈ ઉપરાંત હરિયાળી ક્રાંતિ પણ આવી. જોકે આ રીતે સબસિડાઈઝ્ડ કિંમતે ખાતર આપવામાં આવ્યું તો તેનાથી નુકસાન પણ થયું છે. તે નુકસાન કેવી રીતે થયું તે પુસ્તકમાં ટાંક્યા મુજબ કે સબસિડાઈઝ્ડ કિંમતે ખાતર મળ્યું તેથી તેનો ઉપયોગ વધારે થયો અને તે કારણે જમીન ખરાબ થઈ. ઉપરાંત તેનાથી આપણા સ્વાસ્થ્ય પર પણ અસર થઈ.

'ફિસ્કલ ફેબલ્સ : અ સિટીઝન્સ ગાઈડ ટુ પબ્લિક ફાઈનાન્સ' પુસ્તકમાં વર્તમાન સ્થિતિ-સંજોગોની વાત થઈ છે અને તે વિસ્તૃત રીતે થઈ છે. પરંતુ કર બાબતે આઝાદીના અરસામાં લખાયેલું પુસ્તક 'માનવ અર્થશાસ્ત્ર' પણ જોવું જોઈએ. તેના લેખક નરહરિ પરીખ છે અને તેમાં પણ તેઓ કર સંદર્ભે પૂરતો કર નથી મેળવી શકાતો તે અંગે લખે છે : 'લોકહિતની વધારે ને વધારે પ્રવૃત્તિઓ સાર્વજનિક ઢબે થાય અને સૌને તેનો સરખો લાભ મળે એ બાબતમાં એકમતી હોવા છતાં તે માટે રાજીખુશીથી નાણાં આપવા બહુ ઓછા તૈયાર થાય છે. આખા રાષ્ટ્રવ્યાપી સંકટ અથવા બીજી એવી મોટી આફત વખતે લોકો રાજીખુશીથી ફંડોમાં નાણાં ભરે છે ખરા, પણ એવા પ્રસંગો વિરલ હોય છે. સામુદાયિક કામ માટે નિયમિત રીતે રાજીખુશીથી નાણાં ભરનારા ઓછા હોય છે. સામુદાયિક હિતનાં કામોની આવશ્યકતા વિશેના વિચારોમાં જેવી પ્રગતિ થઈ છે તેવી એવાં કામો માટે નાણાંની મદદ કરવાની બાબતમાં આચારની પ્રગતિ થઈ નથી.'

તેનું ઉદાહરણ 'ફિસ્કલ ફેબલ્સ...'માં આપવામાં આવ્યું છે કે 'કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબિલિટી' [CSR]ના નામે કોર્પોરેટ કંપનીઓ સરકાર જે ખર્ચ કરે છે તેમાંનો 0.5 ટકા ખર્ચ ઉપાડે છે. આ નહિવત્ ખર્ચ છે.

આર્થિક બાબતનો જ્યારે અભ્યાસ વાંચીએ અને તેની વિગતો જોઈએ ત્યારે હંમેશા એવું લાગે છે કે રાજકીય રીતે આપણને જેટલી ખબરો જાણવાની ઉત્સુકતા હોય છે તેટલી ઉત્સુકતા જાહેર નાણાં સંદર્ભે નથી થતી. અને તેથી જ ચૂંટાયેલા પ્રતિનિધિ જાહેર નાણાંનો વિવેકપૂર્વક ખર્ચ કરતા નથી અને તેમાં એક ભૂલનું પુનરાવર્તન નહીં થાય તેની ખાતરી પણ આપતા નથી.

# હાડ-માંસનો મહામાનવ: હસતા-હસાવતા મોહનદાસ

**મિજાજ મસ્તી**
**સંજય છેલ**

**ટાઇટલ્સ:**
**ઇમેજ ખરીદી શકાય, ઇજ્જત નહીં. (છેલવાણી)**

ઘરે મહેમાનો આવવાના હોય ત્યારે ઘણાં લોકો શો-કેસમાંથી મોંઘા કપ-રકાબીઓ કાઢીને મહેમાનોને આંજવાનો પ્રયત્ન કરે છે. એવી જ રીતે ગાંધીજીની ઇમેજને પણ આપણાં નેતાઓ વરસોથી દેશ-વિદેશમાં વાપરે છે, કારણ કે ગાંધી વિના છૂટકો જ નથી ને? ચાલો, ફરી એકવાર 'ગાંધી જન્મજયંતિ' આવી ને જતી રહી.

ગાંધી એટલે- 'ગંભીર, આદર્શવાદી અહિંસક બોરિંગ બૂઢ્ઢો!' એવી ઇમેજ સામાન્ય લોકોમાં છે, પણ ગાંધીજી 'મહાત્મા'ના ટાઇટલને સોગિયાં ડાચે 24 કલાક ઓઢીને ફરનારા નેતા નહોતા. બાપુ એમની તમામ મર્યાદાઓ સાથે હાડ-ચામનાં કલરફુલ માણસ હતા. ગંભીર રાજકીય ચર્ચાઓને ટાઢી પાડવા એમનાં બોખા સ્મિત વડે ભલભલા વિરોધીઓને ઘાયલ કરી દેતા. એકવાર યોગાનંદ સ્વામી વર્ધા આશ્રમ આવ્યા ત્યારે રાત્રે એમને લીંબોડીનું તેલ આપીને બાપુ બોલ્યા, "તેલ ચોપડી લો. વર્ધાના મચ્છરો હજુ અહિંસાના પાઠ શીખી શક્યા નથી." મો. ક. ગાંધીમાં પોતાના આદર્શો કે જાત પર હસી શકવાની તૈયારી ને તાકાત હતી. ગાંધીજી હંમેશા રેલવેના થર્ડ-ક્લાસમાં મુસાફરી કરતા. ટીકાકારોને એમાં ગાંધીજીનો દંભ દેખાતો. એક પત્રકારે પૂછ્યું, "તમે હંમેશા થર્ડ-ક્લાસમાં જ કેમ સફર કરો છો?"

"કારણ કે ચોથો ક્લાસ નથી ને!" બાપુએ તરત જ પંચ માર્યો. રમૂજની પહેલી શરત છે 'ટાઇમિંગ' અને એમાં ગાંધીજી ખૂબ હાજરજવાબી હતા. 'સેન્સ ઓફ હ્યુમર'ની ઢાલ બનાવીને વિરોધીઓ પર 'અહિંસક આક્રમણ' કરી લેતા.

ગાંધીજી પોતાનાં પર નેચરોપથીના જાતજાતના પ્રયોગો કરતા. એકવાર એમને 'ખાવાના સોડા પાઉડર'ની ધૂન ઉપડેલી. વાતે વાતે સોડાના ઉપયોગની વાત કરતા. ત્યારે બીજા વિશ્વયુદ્ધ જેવા ગંભીર મુદ્દે બાપુની સરદાર પટેલ સાથે ઉગ્ર ચર્ચા ચાલતી હતી, તો સરદારે કહ્યું, "બાપુ, આ સમસ્યામાં પણ થોડો ખાવાનો સોડા નાખો ને!" ને બાપુ ખડખડાટ હસી પડ્યા. આને કહેવાય ખેલદિલી, જે આજના તોબરા ચઢાવેલા નેતાઓમાં હોવી નામુમકિન છે. ખાદીના બોરિંગ બેરંગ કપડાં પહેરવાના બાપુના આગ્રહની સામે કવયિત્રી સરોજિની નાયડુ ધરાર રંગીન સાડીઓ પહેરીને બાપુની સામે આવતાં અને એમને સતત ચીડવતાં. કલરલેસ ખાદીધારી કલરફુલ ગાંધી હસીને ચલાવી લેતા.



ગાંધીજીએ છેક 1921માં કહેલું: "જો મારામાં વિનોદવૃત્તિ ન હોત તો મેં ક્યારનોય આપઘાત કર્યો હોત!" જો કે આજે જે રીતે ગાંધીજીનાં પ્રદાન અને પ્રતિષ્ઠા પર દિનરાત કુઠારાઘાત કરવામાં આવે છે એ જોતાં લાગે છે કે સમયસર જતા રહ્યા ન હોત તો હરપળ રીબાઈને જીવન ટૂંકાવવું પડ્યું હોત.

**ઇન્ટરવલ:**
"હું ભીંતો પર તમારા
હસતા ફોટા જોઉં છું ત્યારે
વિચારું છું, થયા છે ક્યાં હજી નારાજ, ગાંધીજી?"
**(શેખાદમ આબુવાલા)**

એકવાર બંગાળના કોઈ સંગીતકાર બાપુને એમનું સંગીત સંભળાવવા માંગતા હતા. બાપુને એ દિવસે મૌનવ્રત હતું. બાપુએ સંગીતકારને લખીને કહ્યું, "જો હું તમારા સંગીત સાથે રેંટિયો કાંતતો રહું તો તમને વાંધો નથી ને?" સંગીતકારે એનાં વાજિંત્રો પર હાથ અજમાવ્યો અને આ બાજુ બાપુએ રેંટિયો સંભાળ્યો. સંગીતસભાના અંતે બાપુએ લખ્યું, "આપનાં સંગીત સાથે મારા મૌનનાં સંગીત અને રેંટિયાના સંગીતનો એવો તાલ મળ્યો કે હું ઈશ્વરની નજીક પહોંચી ગયો હતો." આને કહેવાય એક કલાકારને શાબાશી કે કોમ્પ્લિમેન્ટ આપવાની સ્ટાઇલ!

**આપનાં સંગીત સાથે મારા મૌનનાં સંગીત અને રેંટિયાના સંગીતનો એવો તાલ મળ્યો કે હું ઈશ્વરની નજીક પહોંચી ગયો હતો**

ગાંધીજી 24 કલાક પોલિટિક્સમાં રચ્યાપચ્યા ચુનાવજીવી રાજકારણી નહોતા. બેસ્ટ-સેલર લેખક પણ હતા ને સદાય રહેશે. સિનેમા, સાહિત્ય ને કલા માટે પણ ગાંધીજી સ્ટ્રોંગ અભિપ્રાય ધરાવતા. એક શિક્ષક દ્વારા બાળકોના યૌન શોષણની વિવાદાસ્પદ હિંદી વાર્તા 'ચોકલેટ' ત્યારે ચર્ચામાં હતી. સાહિત્યકારોએ 'ચોકલેટ' વાર્તા પર પ્રતિબંધ લગાવવાની ચળવળ ચલાવેલી. આખરે મામલો બાપુ પાસે પહોંચ્યો ત્યારે આખી વાર્તા વાંચીને ગાંધીજીએ કહ્યું: 'કદાચ હું આની સાથે સહમત ન પણ હોઉં, પણ આ વાર્તા પર પ્રતિબંધ લગાડવો વધુ પડતું છે, આમ કરવાથી સાહિત્યમાં વાસ્તવિકતા મરી જશે.'

ગુજરાતીના મહાન કવિ નરસિંહરાવ દિવેટિયાના બધાં સંતાનો એક પછી એક મરી ગયાં ને છેલ્લે એક પુત્રી બચી હતી એ પણ ગુજરી ગઈ. ત્યારે ગાંધીજીએ કવિને પત્રમાં લખ્યું, "તમારી દીકરીના અવસાનના ખબર વાંચી અમે સૌ દિલગીર થયા. મહાદેવે કહ્યું, 'તમને આટલી એક જ દીકરી રહી હતી.' તમને ખરખરો કરવાનો ન હોય. તમે બંને જ્ઞાની છો. પ્રભુ તમને શાંતિ બક્ષે."

નરસિંહરાવે જવાબ લખ્યો, "આમ હમારા હાવા પ્રસંગમાં સ્મરણ રાખ્યું એ વિચારથી હૃદય આર્દ્ર થયું. પ્રભુ કૃપાળુ આમ અણધાર્યા આશ્વાસનોનાં અમૃત સીંચે છે એ ઓછી ધન્યતા છે? 'પરંતુ આનું દુઃખ તમને ન હોય' એ પાંચ શબ્દોમાં જે અમૂલ્ય સદભાવ આપે પૂર્યો છે તે બીજે ક્યાંયથી અમને મળ્યો નથી." પછી કવિએ બીજો પત્ર લખ્યો, "મારી પુત્રીના અવસાનના દશાહ પ્રસંગે સાડા આઠ વાગ્યે પ્રાર્થના રાખી છે, એ સમયે તમે તમારાં હૃદયમાં પ્રાર્થના કરશો?"

ગાંધીજીએ વળતો જવાબ લખ્યો, "સવારની ચાર વાગ્યાની પ્રાર્થના પછી આ કાગળ લખી રહ્યો છું. અમે ત્રણે ય (વલ્લભભાઈ, મહાદેવભાઈ ને હું) આજે 8.30 વાગ્યે તમારી સાથે દશમાનું શ્રાદ્ધ ઊજવતા હોઈશું. મૂક પ્રાર્થનાને બદલે 'લીડ કાઈન્ડલી લાઈટ'નો તમારો અનુવાદ 'પ્રેમળ જ્યોતિ તારો દાખવી' ગાઈશું. એમાં તમને બંનેને જોઈએ એટલી શાંતિ ભરી છે. તમારા બાળકો તો ચિર શાંતિ ભોગવે છે, પણ આ જગતમાં જેટલાં બાળક છે એટલાં તમારા ક્યાં નથી?"

આવા સંવેદનશીલ મહાપુરુષ, માત્ર ખુરશી પર નહીં પણ દિલ પર રાજ કરી શકે છે, સદીઓ સુધી.

આજે ગાંધીજી વિશેનાં જલદ જૂઠાણાંઓ, ગંદા આક્ષેપો અને અસભ્ય મજાકની ઓરકેસ્ટ્રાનો આ સમય છે. એવામાં ગાંધીજી આજે હયાત હોત તો ટ્વિટર, ઇન્સ્ટાગ્રામ કે ફેસબુક પર બોખાં હાસ્યથી સહિષ્ણુતા દેખાડીને નં. 1 પર ટ્રેન્ડ થતા હોત.

**એન્ડ-ટાઇટલ્સ:**
**ઈવ:** મૌનમાં તાકાત છે.
**આદમ:** પ્રોમિસ?

# પિચ પર આક્રમણથી લઈને તાળીઓના ગડગડાટ સુધી, કાશ્મીરમાં બદલાયેલી ક્રિકેટની તાસીર

**ખેલખેલમેં**

શેર-એ-કાશ્મીર સ્ટેડિયમ નજીક રહેતા જમ્મુ અને કાશ્મીરના પ્રખર ક્રિકેટ ચાહક હલ્તાફ હાજીને આ ઘટના ગઈકાલની જેમ યાદ છે. તે આઠ ફૂટ ઊંચા લોખંડના દરવાજા તરફ ઈશારો કરે છે અને પછી લગભગ 200 મીટર દૂર એટલા જ ઊંચા કાંટાળા તારના બેરિકેડ તરફ જુએ છે. તે મેદાનમાં પ્રવેશતા લોકો જે માર્ગે ગયા હતા તે તરફ ઈશારો કરે છે. તેઓએ 'પાકિસ્તાન ઝિંદાબાદ' લખેલા પ્લેકાર્ડ પકડી રાખ્યા હતા. આ ઘટના 13 ઓક્ટોબર, 1983 ના રોજ ભારત અને વેસ્ટ ઈન્ડિઝ વચ્ચેની ODI દરમિયાન બની હતી. શ્રીનગર પહેલી વાર ઉચ્ચ સ્તરીય ક્રિકેટનું આયોજન કરી રહ્યું હતું. જેણે સમગ્ર દેશને રોમાંચિત કરી દીધો હતો તે કપિલ દેવની ભારતીય ટીમના ઐતિહાસિક વર્લ્ડકપ વિજયના થોડા મહિના પછી જ ક્લાઈવ લોયડની પ્રસિદ્ધ વેસ્ટ ઈન્ડીઝ ટીમ, શ્રીનગર આવી તે વર્ષના જૂનમાં લોર્ડ્સમાં થયેલી તે યાદગાર મેચની ઘટનાઓમાંથી હજુ પણ સ્વસ્થ થઈ રહી હતી.

ક્રિકેટ પ્રત્યેનો ઉત્સાહ વધતો જાય છે તેવા આ પ્રદેશ માટે આ એક ઐતિહાસિક દિવસ હોવો જોઈતો હતો. પરંતુ રાજકીય ઘટનાઓએ આ પ્રસંગને ઢાંકી દીધો. ભીડના એક ભાગ દ્વારા પાકિસ્તાન તરફી સૂત્રોચ્ચાર કરવામાં આવ્યા હતા, અને લંચ દરમિયાન પીચ ખોદી નાખવામાં આવી હતી. વેસ્ટ ઈન્ડિઝે આખરે ક્ષતિગ્રસ્ત પીચ પર મેચ જીતી હતી, પરંતુ આ ઘટનાએ સ્ટેડિયમ અને ક્રિકેટ ચાહકોની યાદોમાં ઊંડા ઘા છોડી દીધા હતા. લગભગ ચાર દાયકાથી, આ વિસ્તારમાં



રાષ્ટ્રીય સ્ટાર્સ અહીં રમતા જોવા મળ્યા નથી. ગયા વર્ષે, અજિંક્ય રહાણેની આગેવાની હેઠળ સ્ટાર્સથી ભરપૂર મુંબઈ ટીમે અહીં તેની શરૂઆતની રણજી ટ્રોફી મેચ રમી હતી. પરંતુ આવા પ્રસંગો બહુ ઓછા બન્યા છે, મોટાભાગે સ્થાનિક કાર્યક્રમો અથવા સરકારી કાર્યક્રમો સુધી મર્યાદિત રહ્યા છે.

એટલા માટે મંગળવારે બપોરે સ્ટેડિયમ સંકુલના એક્ઝિટ ગેટ પાસે ઓછામાં ઓછા 300 ચાહકો એકઠા થયા તે આશ્ચર્યજનક નહોતું. તેઓ ઋષભ પંત અને રેસ્ટ ઓફ ઈન્ડિયા ટીમને ટ્રેનિંગ કરતા જોવા માટે ત્યાં ભેગા થયા હતા. કેટલાક લોકો મેચ જોવા માટે ટિકિટ/પાસ ખરીદવા માટે પણ કતારમાં ઉભા હતા. JKCA એ સ્ટેડિયમનો એક નાનો ભાગ દર્શકો માટે ખુલ્લો મૂક્યો હતો, જે હજુ પણ 1980 ના દાયકાની યાદ અપાવે છે.

**એક સમયે જે પ્રદેશમાં ત્રાસવાદને કારણે રમત પ્રવૃત્તિ પર લગભગ લગામ લાગી ગઇ હતી અને સ્થાનિક યુવાઓ પર અલગાવવાદનું ભુત સવાર થવા માંડ્યું હતું તે કાશ્મીર હવે ક્રિકેટના મુશ્કેલીભર્યા ભૂતકાળથી લઈને સ્થાનિક સ્ટાર્સની નવી પેઢી સુધી ધીમે ધીમે ભારતીય ક્રિકેટ નકશા પર પોતાનું સ્થાન પાછું મેળવી રહ્યું છે**

સ્ટેન્ડ સાદા છે, જેમાં સફેદ ચાદરથી બાઉન્ડ્રી વોલ ઢંકાયેલી છે, જે કેટલાક વિસ્તારોમાં કાં તો તૂટી ગઈ છે અથવા સમારકામની જરૂર છે. આઉટફિલ્ડને પણ ખરબચડી તરીકે વર્ણવી શકાય છે, જે બરાબર એવી સપાટી નથી કે જેમાં કોઈ ખેલાડી ફિલ્ડિંગ કરતી વખતે ડાઈવ કરવા માટે ઉત્સાહિત હોય. એક મહિના પછી, આ મેદાન ક્રિકેટ માટે બિનઉપયોગી થઈ જશે. શિયાળા દરમિયાન અહીં ક્રિકેટ સંપૂર્ણપણે બંધ રહે છે. નિર્ધારિત મેચના ચોથા દિવસે કાશ્મીરના કેટલાક ભાગોમાં બરફવર્ષાની પણ આગાહી કરવામાં આવી છે. લગભગ ચાર મહિના સુધી આ મેદાન મેચ માટે બંધ રહે છે. સમસ્યા એ છે કે જમ્મુમાં 300 કિલોમીટર દૂર આવેલા બીજા મેદાનને મોટા સમારકામની જરૂર છે અને તે 150 વર્ષ જૂની સરકારી વિજ્ઞાન કોલેજના કેમ્પસમાંથી કાર્યરત છે.

આમ છતાં, જમ્મુ અને કાશ્મીરમાં ક્રિકેટ પ્રત્યેના જુસ્સાને અવગણવું મુશ્કેલ છે. ઉભરતા ખેલાડીઓથી લઈને ચાહકો સુધી, રમત પ્રત્યેનો જુસ્સો દરેક જગ્યાએ સ્પષ્ટ છે. ગયા શનિવારે, શ્રીનગરથી 75 કિલોમીટર દૂર આવેલા બિજબેહરા પ્રીમિયર લીગની ફાઈનલ જોવા માટે લગભગ 20,000 લોકો કામચલાઉ સ્ટેન્ડ સાથે બનાવેલા મેદાનમાં એકઠા થયા હતા. આ ટુર્નામેન્ટનું આયોજન જમ્મુ અને કાશ્મીરના ભૂતપૂર્વ કેપ્ટન પરવેઝ રસૂલ દ્વારા કરવામાં આવ્યું હતું. મેદાનમાં ઉતરનારા ખેલાડીઓમાં કાર્તિક શર્મા અને મુકુલ ચૌધરીનો સમાવેશ થાય છે, જેમણે IPL 2026 દરમિયાન પોતાની છાપ છોડી દીધી છે. મંગળવારે, જ્યારે સમાચાર ફેલાતા કે તેમના વતન બારામુલ્લાના આકિબ નબીએ લગભગ 3,000 કિલોમીટર દૂર ગુવાહાટીમાં ODI ડેબ્યૂ કર્યું છે , ત્યારે પાસ માટે લાંબી કતાર ફેન ક્લબમાં ફેરવાઈ ગઈ. અહીં, તમે તેમની સફળતાને એક ઊંડા વ્યક્તિગત અનુભવ તરીકે અનુભવી શકો છો. છેવટે, તાજેતરના વર્ષોમાં કોઈ પણ ઝડપી બોલરે જમ્મુ અને કાશ્મીરની રણજી ટ્રોફી જીત પર નબી જેવો પ્રભાવ પાડ્યો નથી. થોડીવાર માટે, આખી કતારમાં ઉભેલી દર્શકો સ્ક્રીન પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યા હતા, જ્યાં નબીને કેએલ રાહુલ પાસેથી તેની ડેબ્યૂ કેપ લેતા જોઈ શકાય છે. દાયકાઓથી, ભારતીય ખેલાડીઓની કાશ્મીર મુલાકાત ભાગ્યે જ થતી હતી. હવે, ચિત્ર ધીમે ધીમે બદલાઈ રહ્યું છે, અને ખેલાડીઓ વિરુદ્ધ દિશામાં મુસાફરી કરી રહ્યા છે. નબી તેનું નવીનતમ ઉદાહરણ છે.

તેમના પહેલા, ઉમરાન મલિક, રસૂલ, રસિક સલામ અને અબ્દુલ સમદે જમ્મુ અને કાશ્મીરને ભારતીય ક્રિકેટ નકશા પર મૂક્યું છે. મર્યાદિત માળખાકીય સુવિધાઓ હોવા છતાં, આ ખેલાડીઓએ દેશના મુખ્ય ક્રિકેટ કેન્દ્રોથી ઘણીવાર દૂર રહેતો પ્રદેશ, એક ઓળખ અને વધતી જતી હાજરી આપી છે. બહારથી જોતાં, મોટાભાગના લોકો માટે પંત સાથે સેલ્ફી લેવી એ થોડીક સેકન્ડ જેવી લાગે છે. પરંતુ અહીંના ચાહકો માટે, તેની સાથે વિતાવેલા તે 10 સેકન્ડ જીવનભરની યાદ રહેશે. બુધવારે, તેઓ ફરીથી સ્ટેન્ડમાં મોટી સંખ્યામાં ભેગા થશે, કારણ કે જમ્મુ અને કાશ્મીરમાં કેટલાક વધુ મહેમાન સ્ટાર્સ ઉત્સાહિત થશે. પરંતુ આ વખતે, મેદાનમાં ઉતરનારા ખેલાડીઓમાં એવા નામ હશે જેમને તેઓ પોતાના નામથી બોલાવે છે, અને કોણ ચેમ્પિયન તરીકે મેદાનમાં પ્રવેશ કરશે.